Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય.


૧ મહર્ષિ શ્રી આત્મારામજી ( આનંદવિજયજીની જયંતિ ) ... ... ૨૪૭
૨ ઉપમિતિભવપ્રપંચાકથાનું સપદ્યગદ્ય ભાષાંતર... લે૦ મનોનંદન. ... ૨૫૦
૩ અમારી પૂર્વદેશની યાત્રા... ... ... મુનિશ્રી ન્યાયવિજયજી. ... ૨૫૨
૪ મનુષ્યોના વિકાસક્ષેત્રો... ... લે૦ ગુલાબચંદ લલ્લુભાઇ શાહ ... ૨૫૫
૫ ઇચ્છા અને માર્ગ... ... સદ્દગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ ... ૨૫૭
૬ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.... ...વિઠ્ઠલદાસ મૂ૦ શાહ ... ૨૬૦
૭ સત્તાના એ મીઠા ઝેર ... ... નાગરદાસ મગનલાલ શાહ ... ૨૬૫
૮ વર્તમાન સમાચાર અને ગુરૂજયંતિ. ... ... ... ... ૨૬૭



તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

## સામાયિક ચૈત્યવંદન સૂત્ર-શબ્દાર્થ-ભાવાર્થ-અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુકમાં આપવામાં આવેલ છે.

સામાયિક સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં કેટલીક વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચકો જાણી શકશે; તેટલું જ નહીં પરંતુ શ્રીમતી જૈન કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડના ધાર્મિક અભ્યાસક્રમમાં દાખલ કરેલ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ વગેરે પણ આ બુકના પાછળના ભાગમાં પૂરવણી તરીકે આપવામાં આવેલ છે, કે જેથી આ બુક પ્રમાણે સામાયિકસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુક તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જ રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—" आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य " इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४६९. ज्येष्ठ. आत्म सं. ३८. { अंक ११ मो.

## મહર્ષિ આત્મારામજી ( આનંદવિજયજી ) સૂરીશ્વર.

## જયન્તિ.

( ૩૭ )

લાવણી.

[ ૧ ]

ગુરૂદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વર નમીએ,
જપતા એ નામ પવિત્ર માર્ગ અનુસરીએ;
સ્વર્ગારોહણ તિથિ આજ અનુપમ જેની,
ઉજવીએ સક્રિય યોગ્ય જયન્તિ તેની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૨ ]

સાડત્રીશ વર્ષ થયા છે પૂરણ આજે,
એ ભૂતકાળનું દશ્ય આત્મહિત કાજે;
અવલોકન કરવા કાજ અરજ આ મારી,
શાન્તિ સહ શોધન આત્મધર્મ હિતકારી.

[ ૩ ]

" સન્દેશ " **શ્રી વીરનો** જેહ સુણાવે સાચો,
" અહિંસક, સત્યાદિક ધર્મ પર રાચો; "
કરો પ્રથમ **ઐક્યતા** માન ગુમાન તજીને,
ખટપટ, ઝટપટ કરો દૂર સશુદ્ધ બનીને;

[ ૪ ]

એ વચનામૃત પર શ્રદ્ધા પૂરણ રાખી,
**નિષ્કામકર્મ** વિણ **સિદ્ધિ** ન જેણે દાખી;
સમઝી એ સત્ય સ્વરૂપ વર્તના કરવી,
" યોગી, ગ્રહિને અનુકૂળ દ્રષ્ટિ ત્યાં ધરવી. "

[ ૫ ]

પાઠવી **પ્રતિનિધિ** " સર્વ ધર્મ **પરિષદ**માં, "
ફરકાવ્યો જેણે **જૈન ધર્મધ્વજ** તેમાં;
**ચીકાગોમાં** એ **પરિષદ** બીજી મળશે,
**પ્રતિનિધિ** કોણ તૈયાર ? શોધવો પડશે.

[ ૬ ]

તક સાચી સાધી લેવા અવસર એ છે,
વાવેલ વૃક્ષને સફલ બનાવા જે છે;
**ઉત્સવ** આનંદને કાજ માત્ર નહીં જાણો,
અનુગામી યોગ્ય બની કર્તવ્ય પિછાણો.

[ ૭ ]

" ચારિત્ર શુદ્ધિની જોડ ન જડશે જેની, "
**સ્યાદ્વાદ સુધારસ** ઝરતી વાણી છે તેની;
શાહદતમાં લેવા યોગ્ય ગ્રંથો સહુ જેના,
મેળવવો **આત્માનંદ** અભ્યાસ કરી તેના.

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हंस प्रति हंसस्याऽन्योक्तिः ।

संदब्धा—मुनि हिमांशुविजयः (" अनेकान्ती ")

( १ )

मुक्त्वा संगं मामकं हंस ! भोस्त्वं
यास्यन्यत्रातो न दुख्यामि किञ्चिद् ।
किन्त्वन्यत्र स्थानके मानसं ते
तोषं प्राप्ता वा न ? शङ्केऽहमित्थम् ॥

( २ )

शृणु त्वं मम भो ! हंस
संदेशं प्रीतिकीर्त्तितम् ।
न काकास्त्वां न मोराश्च
सुखिष्यन्ति कदाचन ॥

( ३ )

मित्र ! त्वं सत्यहंसोऽसि
क्षीरनीरविवेकभाक् ।
तदा न काकनीडेषु
वस, त्रिद्धि गुणागुणान् ॥

( ४ )

सहस्ररश्मिप्रचयैर्विकाशं
भजत्सु पुष्पेषु सरस्स्थलीषु ।
स्थितिस्त्वदीयाऽङ्ग ! बिभर्त्ति शोभां
या, सा सुवर्णादिचिते स्थले न ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

# મહાત્મા શ્રી સિદ્ધર્ષિપ્રણીત શ્રી ઉપમિતિભવ-પ્રપંચા કથાનું સપદ્યગદ્ય ભાષાંતર.

" ભવમંડપમાં રે નાટક નાચિયો "—શ્રીમાન્ વિનયવિજયજી.

ભાષાંતરકર્ત્તા—' મનોનંદન '

## માલિની

### ભાષાંતરકારનું મંગલાચરણ.

સકલ પરમ વૈરી અંતરંગી હણીને,
પરમ પુરુષસિંહો પ્રાપ્ત જે નિવૃતિને;
જય જય જયવંતા તેહ જિનેંદ્રવૃંદ !
ભવભ્રમભય ટાળો ! કાપજો કર્મકંદ ! ૧
યમ દમ પ્રશમાદ સેવતા સર્વદા જે,
નિજ શરીર મહીંયે નિઃસ્પૃહી સર્વથા જે;
વ્યસની પરહિતે જે લીન જે આત્મધ્યાને,
સતપુરુષ કૃપાળુ તે નમું સર્વસ્થાને.* ૨
પ્રશમરસમયી જે શાન્તિ સુધા ઝરે છે,
જગદ્દહિતકરી જે આત્મભ્રાંતિ હરે છે;
ભવજલતરણી જે શ્રેષ્ઠ નૌકા સમાણી,
શિવસુખજનની તે વંદું જિનેંદ્ર વાણી. ૩

## દોહરા.

### ગ્રંથ અને ગ્રંથકર્ત્તાની સ્તુતિ.

પરસ્પર પ્રતિબિમ્બ ને, [1]પ્રતિધ્વનિરૂપ જેહ;
એક વાક્યતા જે ધરે, સંતવાણી જય તેહ ! ૪

* પ્રથમ શ્લોકમાં અરિહંત અને સિદ્ધની સ્તુતિ સમાય છે. બીજામાં આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુની સ્તુતિ આવી જાય છે.

૧ પડઘો, સર્વ સતપુરૂષોની વાણી એકબીજાના પ્રતિબિંબ જેવી અને પડઘા જેવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવપ્રપંચ દર્શાવીને, ભિન્ન બતાવ્યો આત્મ;
નમું પરમ ઉપકારી તે, શ્રી સિદ્ધર્ષિ મહાત્મ. ૫
વાણી શ્રી સિદ્ધર્ષિની, અતિ અદ્ભુત રસાળ;
રસ આસ્વાદી એહનો, કાપો ભવ વિકરાળ. ૬

### વસંતતિલકા.

પોતે ' સપુણ્યક મહાત્મ ' હતા છતાં જ,
' નિષ્પુણ્ય રંક ' ઉપમા ઘડી આત્મમાં જ;
એવો ઉદારચિત નિર્મલ જાસ આત્મા,
સિદ્ધર્ષિ તે પરમ [૨]પ્રાજ્ઞ નમું મહાત્મા. ૭
આ સત્ ' કથા ' સ્તુતિતણા વચનો જડે ના,
આ ' ઉપમિતિ ' તણી [૩]ઉપમિતિ મળે ના;
રાગાદિ રિપુ રૂપ [૪]ઈંધન એહ બાળે,
સમ્યક્ સુણ્યે ' ભવપ્રપંચ ' પ્રચંડ ટાળે. ૮

### દોહરા.

## ભાષાંતર શૈલી—પ્રયોજન.

મૂળ શૈલીને અનુસરી, ગદ્યપદ્ય અનુવાદ;
આત્માર્થે આ આદરૂં, સદ્ગુરૂ શુભ પ્રસાદ. ૯
જ્યાં જ્યાં મૂળમાં ગદ્ય છે, ત્યાં ત્યાં અત્રે ગદ્ય;
જ્યાં જ્યાં મૂળમાં [૫]પદ્ય છે, ત્યાં ત્યાં અત્રે પદ્ય. ૧૦
" કાવ્ય[૬] રસાત્મક વાક્ય છે, પ્રસિદ્ધ સૂત્ર જણાય;
કાવ્ય વળી સાહિત્યનું, [૭]ઉત્તમાંગ કહેવાય. ૧૧
" ગદ્ય કથા એકાંત તો, કંટાળો કરનાર; "
[૮]તિલકમંજરીમાં કહે, સત્ કવિવર ધનપાલ. ૧૨
ગદ્યપદ્ય આ ગ્રંથનો, ગદ્યપદ્ય અનુવાદ;
એ હેતુથી કરાય આ, સુણજો કરી પ્રસાદ ! ૧૩

---

૨ મહામતિમાન્ ( Genius ) ૩ ઉપમા. ૪ કાષ્ઠ, બળતણ. ૫ મૂળમાં મુખ્યતઃ અનુષ્ટુપ્ છે, અત્રે વિવિધ વૃત્તો મૂકવામાં આવશે. ૬ ' काव्यं वाक्यं रसात्मकम् ' ૭ શ્લેષઃ ઉત્તમ અંગ અથવા મસ્તક.

૮ ' अश्रांतगद्यसंताना श्रोतृणां निर्विदे कथा ।
'' जहाति पद्यप्रचुरा चम्पूरपि कथारसम् ॥ १७ ॥

—તિલકમંજરી ( ભૂમિકા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

લેખકઃ—મુનિ ન્યાયવિજયજી

( ગતાંક પૃષ્ઠ ૨૦૮ થી શરૂ )

**ચંપાનગર—**

આ નગરી બહુ પ્રાચીન છે. બારમા તીર્થંકર **શ્રી વાસુપૂજ્ય** પ્રભુનાં પાંચે કલ્યાણક અહીં થયાં છે. કોઇપણ તીર્થંકરનાં પાંચે કલ્યાણક એક સ્થાને થયાં હોય તેવાં સ્થાનો અલ્પ હોય છે. નવપદારાધક સુપ્રસિદ્ધ પૂનિતાત્મા શ્રી **શ્રીપાલ મહારાજા** પણ આ ચંપાનગરીના જ હતા. ભગવાન્ **મહાવીરદેવ** પણ અહીં પધાર્યા હતા. **સતી સુભદ્રા** ( સુભદ્રા સતી મૂળ વસંતપૂરનિવાસીની હતી. તેના પિતાનું નામ હતું અને માતાનું નામ તત્વમાલિની હતું. ચંપાનગરીનો બુદ્ધધર્મી બુદ્ધદાસ કપટી જૈન બનીને તેને પરણ્યો હતો; અને પછી સુભદ્રાને ચંપાનગરી લાવેલ હતો. પાછળથી સુભદ્રાની સાસુએ અકારણ તેના ઉપર આક્ષેપ મૂકયો હતો; અને તે નિમિત્તે તેણે કાઉસગ્ગ કરી શાસનદેવીની આરાધના કરી હતી. અન્તે શિયલના પ્રતાપથી કાચે તાંતણે કુવામાંથી જળ કાઢી ચંપાનગરીના ત્રણ દરવાજા ઉઘાડી પોતાના હેમસમઉજ્વલ ચરિત્રની ખાત્રી કરાવી હતી. વિ. માટે જુઓ ભરતેશ્વર બાહુબલીવૃત્તિ ) આદર્શ બ્રહ્મચારી **શ્રી સુદર્શન શેઠ** કે જેમના ઉચ્ચ શિયલના પ્રતાપે શૂળિનું સિંહાસન થયું હતું; તથા મહાસતી ચંદનબાલા, કામદેવ શ્રાવક, કુમારનંદી સુવર્ણકારાદિ અનેકાનેક મહાપુરૂષો અહીં થયા છે.

આ નગરીની સ્થાપના શ્રી મહાવીરભક્ત મહારાજા શ્રેણિકના પુત્ર કોણિકે પિતૃશોક-નિવારણાર્થે રાજગૃહીથી રાજધાની ફેરવી નવી ચંપાનગરી વસાવી કરી હતી. આનું સવિસ્તર વર્ણન અનેક જૈન ગ્રંથોમાં મળે છે. યદ્યપિ આ નગરી જુની છે પરન્તુ પરિવર્તન થઇ ગયું હશે એટલે પુરાણી નગરીના સ્થાને વસેલા ઉદ્યાનના સ્થાને ચંપાનગરી વસાવી એમ સમજાય છે. આ નગરીએ એક વાર ઘણા સમય પર્યંત મગધની રાજધાની તરીકે ઉન્નત સ્થાન ભોગવ્યું છે. જો કે કોણિકના પુત્રે પટણા વસાવી રાજધાની ત્યાંથી ફેરવી હતી છતાં ય મહાન્ જૈનપુરી તરીકે આનગરીએ ઘણો ઉજ્વલ હિસ્સો જૈન ઇતિહાસમાં આપ્યો છે, શ્રુત-કેવલી **શ્રી શય્યંભવસૂરિજીએ મનકમુનિ** માટે મહાન્ પવિત્ર **શ્રીદશવૈકાલિકસૂત્રની** રચના અહીં જ કરેલી. ગંગાને કિનારે વસી રહેલ આ મહાન્ નગરી કે જેમાં અનેક ગગન-ચુમ્બી ભવ્ય મંદિરો તથા હજારો શું બલ્કે તેથી અધિક સંખ્યામાં વીરભક્તો–સાધુઓ વિચરતા હતા અને લાખોની સંખ્યામાં શ્રમણોપાસકો–શ્રાવકો વસતા ત્યાં આજે એક જૈનનું ઘર નથી. પૂર્વદેશની યાત્રાએ વિચરતા સાધુઓ કવચિત્ કવચિત્ આવે છે.

ભાગલપુરથી અથવા તો નાથનગરથી ઉતરી શ્રાવકો વાહનદ્વારા ચંપાનગરી આવે છે. અહીં એકસુવિશાલ જૈન શ્વેતાંબર ધર્મશાળા, અંદરના કમ્પાઉન્ડમાં શ્વેતાંબર પેઢી તથા સુંદર બે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદિરો છે ધર્મશાળા અને મંદિર આદિની વ્યવસ્થા શ્વેતાંબર પેઢીના મેનેજર બાબુજી મહારાજ બહાદુરસિંહજી તરફથી તેમના મુનિમ શ્રીયુત ગણેશીલાલજી સિંધી કરે છે. વ્યવસ્થા સારી છે, તે બદલ બાબુજીને ધન્યવાદ ઘટે છે. આવા જ પ્રમાણિક અને ધર્મશ્રદ્ધાળુ મુનિમજી ક્ષત્રિયકુંડ અને શિખરજીમાં પણ હોય તો કોઇને ફરિયાદ કરવા જેવું રહે નહિં. બે મંદિરોમાં એક પ્રાચીન અને બીજું અર્વાચીન છે. બન્નેમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય પ્રભુ છે. લગભગ પંદરમી–સોળમી શતાબ્દિથી પણ પ્રાચીન લેખો મળે છે ઉપર નીચે તથા ભોંયરામાં સુન્દર પ્રાચીન શ્વેતામ્બર મૂર્તિઓ તથા શિલાલેખો છે. બાબુજી શ્રીયુત પુરણચંદજી નહારજીએ અહીંના કેટલાક શિલાલેખો લીધાં છે, જે નથી પ્રગટ થયા તેમાંના ઘણાખરા અમે પણ લેખો ઉતાર્યા છે. બાબુજીના લેખોમાં કેટલીકવાર તો આખી પંક્તિઓ જ રહી ગઇ છે, તેમજ બીજી ગડબડો પણ છે તે સમયે પ્રકાશિત થશે. અહીંની અમે બે વાર યાત્રા કરી હતી, ઘણા દિવસ આ સ્થાને રહ્યા હતા ઘણું નવીન જાણવાનું મળ્યું.

અહીં અમને ૧૨૫–સવાસો વર્ષની ઉમ્મરવાળો એક બુઢ્ઢો મળ્યો હતો. ૧૮૫૭ના પ્રસિદ્ધ બળવા વખતે તેની ઉમ્મર ૪૭ વર્ષની હતી. આ બુઢ્ઢાએ ચંપાનગરીનો પ્રાચીન ઇતિહાસ તથા ઘણાં નવાં સ્થાનો બતાવ્યાં. અમે પૂછયું: "આ દિગંબર મંદિરો કયારે બન્યાં ?" જવાબ–"મારા દેખતાં બંને બન્યાં છે. આજે મંદિરમાં બે મોટા થંભ ઉભા છે તે શ્વેતાંબર જૈનોના છે; તેમજ એક પાદુકા હતી જે એક બ્રાહ્મણના કબ્જામાં હતી. જૈન યાત્રિઓને દર્શન કરાવતો અને જે આવે તે બધું લઇ જતો. ધીમેધીમે ત્યાં ઓટો બંધાવ્યો. પછી એ પાદુકા દિગંબર જૈનોએ વેચાતી લીધી અને તે જગ્યા પણ વેચાતી લઇ મંદિર બંધાવ્યું. અત્યારે પણ તેના વંશજોને મંદિરમાં આવતાં બદામ, ચોખા, લવીંગઆદિ મળે છે. અહીં એક પ્રાચીન કરણનો કિલ્લો છે, તેમાં જૈન મંદિર હતું, પણ અત્યારે તો...દેવીનું મંદિર છે. આ સિવાય બીજી પણ માહેતી આપી હતી." આ માણસ અમને તો પ્રસિદ્ધ......લાગ્યો. માણસ બુદ્ધિશાળી અને વિચક્ષણ હતો. અમને તરતજ જૈન સાધુ તરીકે ઓળખ્યા. ઘણો ઇતિહાસ જાણે છે. આવી જ રીતે બળવા વખતે ૧૭ વર્ષની ઉમ્મરવાળો બુઢ્ઢો મળ્યો. તેણે યુદ્ધનો ઘણો નવીન ઇતિહાસ સંભળાવ્યો હતો.

ચંપાપુરીથી ભાગલપુર જતાં નાથનગરની પછી બે અર્વાચીન દિગંબર મંદિરો તથા તેમની ધર્મશાળા આવે છે. શ્રી વાસુપૂજ્ય પ્રભુનાં જન્માદિ કલ્યાણક આ સ્થાને થયેલાં. દીક્ષાકલ્યાણક તથા કેવળજ્ઞાનકલ્યાણક ચમ્પા ઉદ્યાનમાં થયાં છે. જ્યાં અત્યારે શ્વેતાંબર મંદિરો છે જેને અત્યારે ચમ્પાનાલા કહે છે. મોક્ષકલ્યાણક મંદારગિરિ થયું છે જે ચમ્પાનો છેવાડાનો ગિરિ–પહાડ છે. આ બધે સ્થાને શ્વેતાંબર મંદિર હતાં શ્વેતાંબર જ વ્યવસ્થાઆદિ કરતા હતા. અહીં **રાજા કરણનો કિલ્લો બહુ પ્રસિદ્ધ** અને પ્રાચીન છે. અત્યારે તો કિલ્લો ખંડિયેરરૂપ થઇ ગયો છે. ત્યાં વસતી થઈ ગઇ છે. ત્યાંથી નજીકમાં જ પ્રભુના કલ્યાણકસૂચક બે સ્થંભો જેને માણેકસ્તૂપ–સ્થંભ કહે છે, તેમાં પ્રભુની પાદુકા હતી તેનો વહીવટ શ્વેતાંબરસંઘ કરતો હતો. આજથી ત્રણસો વર્ષ પહેલાં આવેલ જૈન સાધુઓ અહીંનું વર્ણન પોતાની આંખે જોયા પછી આ પ્રમાણે આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"તે જીહાં ગિરાંથી જાય જાય રે દશ કોશે મારગ થાય રે,
ચંપા ભાગલપુર કહેવાયરે વાસુપૂજ્ય જનમ તિહાં ઠાયરે. ૭

ચંપામાં એક પ્રાસાદ રે શ્રી વાસુપૂજ્ય ઉદાર રે
પૂજ્યા પ્રભુજીના પાય રે કીધી નિજ નિર્મલ કાય રે ૮

ચંપા ભાગલપુર અંતરાલ રે એક કોશતણો વિચાલ રે
વીંચે કરણરાયનો કોટ રે વહે ગંગાજીતસ ઓટ રે ૯

કોટ દક્ષિણ પાસ વિશાલ રે જીહાં જીનપ્રસાદ રસાલ રે
મોટા દોઇ માણેક થંભ રે દેખી મન થયો અચંભરે ૧૦
તિહાંના વાસી જે લોક રે બોલે વાણી ઈહાં ઇમ ફોકરે
એ વિષ્ણુ પાદુકા જાણ રે અતિ જીરણ છે કમઠાંણ રે ૧૧
તિહાં થંભની ઠામ હોય રે પંચ કલ્યાણક જીન જોય રે
ઉદ્ધાર થયા ઇણે ઠામ રે કહિઇં કિણકિણરાં નામ રે. ૧૨
ઇણનગરી સુદર્શન સાર રે રહ્યા પ્રતિમા કાઉસગ્ગ દ્વાર રે
અભયાદાસી લેવાય રે રાણીનેં દે મન લાય રે ૧૩
ન ચલ્યો બ્રહ્મચારી ચિત્ત રે રાખી જગતમાંહિ કિત્ત રે
સૂલિ સિંહાસન થાય રે રાજાદિક પ્રણમે પાય રે ૧૪
થઇ સતી સુભદ્રા નારી રે ઉઘાડ્યાં ચંપા બાર રે
ચાલણિઇ કાઢયો નીર રે ઇણ ચંપાનગરી ધીર રે ૧૫

( સૌભાગ્ય વિ. પૃ. ૮૧–૮૨ )

× × × × ×

પટણાથી દિશિપૂર વિંસો કોશે પુરચંપ,
કલ્યાણક વાસૂપૂજ્યનાં પંચ નમી જઈ આપ હો. ૮
દિવાનો એક દેવસી કીધી તેણિં ઉપાધિ હો,
શ્વેતાંબરથિત્તિ ઉથપી થાપી દિગપટ વ્યાધ હો ૯
પિણ પરપુત્ર સપુત્ર કો નહૂઓ કો એ સંભાલિ હો,
જે નર તીરથ ઉથપઇ તેહની મોટી ગાલ્ય હો ૧૦
ચંપવરાડી જણ કહી ગંગ વહઈ તસહે ઠિહો;
સતીઅ સુભદ્રા ઇહાંહૂ ઇહૂઓ સુદર્શન શેઠ હો. ૧૧

વિજયસાગરવિરચિત સમ્મેતશિખર–તીર્થમાલા પૃ. ૧૦

આ બન્ને કવિરાજો—સાધુમહાત્માઓએ લખેલી વિગત તદ્દન સાચી છે. હવે અમે નજરે જોયેલી હકીકત આ પ્રમાણે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનુષ્યોના વિકાસક્ષેત્રો.

શારીરિક, માનસિક અને આત્મિક તત્ત્વો ઉપર મનુષ્યનો પિંડ રચાયો છે. ઉપલા તત્વોની જેટલી અપૂર્ણતા એટલી મનુષ્યની અપૂર્ણતા. મનુષ્ય જીવન કેટલી કેટલી ભાવના અને શુભ કર્ત્તવ્યોના ફળરૂપે પ્રાપ્ત થાય છે. આવી અનેરી જીવનલીલાને તદ્દન સૂકવી નાંખી આખર વખતે પસ્તાવું ન પડે એ આપણે ખ્યાલમાં રાખવું જોઇએ.

કુદરતી રીતે મનુષ્યોમાં શુભ અને અશુભ લાગણીઓનો મિશ્ર સમૂહ ભરેલો હોય છે. એ લાગણીઓની અંતર્ગત શક્તિ ઘણી વિશાળ હોય છે, પરંતુ લોહચુંબક વિના લોખંડ ખેંચાતુ નથી તેમ લાગણીને શક્તિરૂપે કર્ત્તવ્યના ક્ષેત્રમાં ખેંચવાને માટે તેને લોહચુંબકરૂપી વાતાવરણની જરૂર રહે છે. જેને આપણે સંગતિનું સાદુ સ્વરૂપ નિત્ય આપીએ છીએ. જેમકે "સોબત તેવી અસર" એટલે જીવનક્ષેત્રમાં આપણી લાગણીઓને કયું લોહચુંબક ખેંચી રહેલ છે તે આપણે શાંતિથી વિચારવું જોઇએ, અને વિવેકથી તુલનાત્મક દૃષ્ટિએ તોલન કરવું જોઇએ.

કેટલીક વખત આવા ખેંચાતા પ્રવાહોમાં સત્ય-અસત્ય, વાસ્તવિક--અવાસ્તવિક તત્વોનું તોલન કરવાનું ઘણું મુશ્કેલ થઇ પડે છે, પરંતુ ક્રોધ, અહંકાર, માન અને મિથ્યાડંબરના અંશો જેટલા અંશે મનુષ્યમાં ઓછા હોય તેટલે અંશે મનુષ્ય વધુ વ્યાજબી તોલન કરવામાં ફતેહ મેળવી શકે.

એટલે જીવનનૌકાને નિર્ભય અને આનંદમય સ્થળે પહોંચાડવા માટે સત્ય-અસત્યની વ્યાજબી દિશાનો વિવેક શિખવાને પ્રથમ તો મનુષ્યે કામ, ક્રોધ, માન, માયા, લોભ, અહંકાર એ ષડ્રિપુઓને દૂર કરવાને સતત પ્રયત્નો કરવા જોઇએ. એ મહાન્ દુર્ભાગ્ય રિપુઓ આપણામાં રહેલી અશુભ તત્વોની લાગણીને હંમેશાં ઉશ્કેરી આપણને દુર્ભાગી બનાવે છે. તેને શાંત કરવાને-તેના પર વિજય મેળવવાને આપણે રસ્તો શોધવો જોઇએ.

એ રસ્તો ક્યારે શોધી શકીએ એ પ્રશ્ન છે. જવાબ એ મળી શકે કે શારીરિક, માનસિક અને આત્મિક વિકાસ સાધીએ ત્યારે. જ્યાં સુધી આપણી શારીરિક સ્થિતિ સારી હોતી નથી ત્યાં સુધી કોઇપણ વાત આપણે ગ્રાહ્ય કરી શકતા નથી, કોઇ પણ કર્તવ્ય અમલમાં મૂકી શકતા નથી; તેથી શારીરિક સ્થિતિ સુધારવાને મનુષ્યે તનતોડ મહેનત કરવી જોઇએ. આરોગ્યતાના નિયમો સમજી તેને અનુકૂળ વર્તી શારીરિક સ્થિતિ બરાબર સુધારવી જોઇએ. શારીરિક સ્થિતિ સુધારવાને લગતા વિષયોની રેખા દોરીએ તો એક જૂદો નિબંધ થઇ જાય; પરંતુ અત્રે આપણે એ વસ્તુને આટલેથી અટકાવીશું. પરંતુ ખાન-પાન-મિતાહાર-નિદ્રા-વ્યાયામ એ આ ક્ષેત્રોમાં મુખ્ય ભાગ ભજવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર સુધરે તો જ મન વધારે કેળવી શકાય. મનદ્વારા સારા વિચારો સંગ્રહી શકાય.

મન એ એવી ચપળ વસ્તુ છે અને તેની ઝડપી ગતિ છે કે જે ગતિનું પ્રમાણુ વાણીમાં ઉતારી શકાય તેવું નથી. એક પલકારામાં લાખો કોશ દૂર જઇ શકે છે, એક પલકારામાં આપણે સાંભળેલા દરેક દેશમાં વિચરી શકે છે. સ્વર્ગ–નર્ક વિગેરે પરોક્ષ ભૂમિકાની સરહદે પણ સ્હેલ કરી શકે છે. આવા પ્રબળ શક્તિવાળા મનને શુદ્ધિનો ઓપ આપવાને મજબૂત પ્રયોગ આદરવો જોઇએ. સાધારણ પ્રયત્ને મનને કાબુમાં લાવી શકાય તેવું નથી, તો પણ મનને સ્થિર કરવાના રસ્તે આપણે વધુ વધુ મહેનત કરવી જોઇએ. આ ધ્યેયને પહોંચ્યા વગર આત્મોન્નતિ કરવી કઠિન છે. મદાંધ અને મસ્ત બની ગયેલા મોટા મોટા જાનવરોને પણ તેને લગતા સાધનોથી વશ કરી શકાય છે તેવી રીતે અતિ ચંચળ મનને પણ વશ કરવાના સાધનો છે જ. આપણે એ સાધનોનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઇએ. તે સાધનોમાં લાંબા જોખમો નથી, માત્ર પરમાત્માની સાધનારૂપે ૐકાર પ્રણવનો મંત્રોચ્ચાર છે. આપણા મનમાં જેટલે અંશે પરમાત્માનું સ્મરણ રહે છે તેટલે અંશે મન સ્થિર થાય છે. જેવા તેવા હલકા સ્થાને જઇ શકતું નથી. હલકા સ્થાને ગયેલા મનને પાછું વાળવામાં પણ એ જ મહાન્ સાધના મુખ્ય સાધન છે. અહીં પરમાત્માના સ્મરણમાં ઘણી કર્ત્તવ્યદિશા રહેલી છે. સામાજિક, રાષ્ટ્રીય અને ધાર્મિક ક્ષેત્રોમાં નિઃસ્વાર્થભાવે સેવા અર્પવી અને તે પણ, કોઈપણ પ્રાણીના કલ્યાણની જ ઇચ્છાએ આ સેવા પણ પરમાત્માના ચિંતવનના ફાળાનું એક રૂપ છે. એ રીતે શુભ ઉદ્દેશરૂપે શુભ કર્તવ્ય અને પરમાત્માના ચિંતવન પછી આત્માને પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભાન થાય છે. આત્મા સ્વયં પરમાત્મ સ્વરૂપ છે, તેને જગતના રાગ–દ્વેષની આંધી દૂર થયેલી હોય છે. આખા જગતને પોતાના સ્વરૂપે જ સમજે છે. પોતાના શરીરના કોઇપણ ભાગને કષ્ટ નહીં પડવાની કાળજી રાખવામાં આવે છે તેમ તેને દુનિયાપરના તમામ પ્રાણી પોતાના જ સ્વરૂપના અંગો ભાસે છે અને સ્વાભાવિક જ તેવા અંગોને કોઇપણ રીતે કષ્ટ ઉત્પન્ન ન થવાની કાળજી રહે છે. આ સ્થિતિએ પહોંચ્યા પછી કામ, ક્રોધ, માન, મદ, લોભ, મોહ, મત્સર એ મહાન્ શત્રુઓ તેમને તાબે થઇ જાય છે. આત્મા પોતે નિર્ભય, સહજાનંદી અને સ્વસ્વરૂપી બની ચિર શાંતિ ભોગવે છે કે જે સ્થાન તરફનું આપણું ધ્યેય છે. એ પરમ શાંતિ અને દિવ્ય ભૂમિકાનું સ્વરૂપ મહાન્ પુરૂષો પણ કલમથી ચીતરી શકયા નથી. તેના અનુભવની ઝાંખી એવી ઉચ્ચ ભૂમિકાએ પ્રયાણ કરતા આત્માઓને થાય છે. આપણે શારીરિક, માનસિક અને છેવટે આત્મિક ઉન્નતિના પંથે ચડી આ અમૂલ્ય માનવદેહનું સાર્થક કરવા ભાગ્યશાળી બનીએ એ શુભ ભાવના. ૐ તત્સત.

શાહ ગુલાબચંદ લલ્લુભાઇ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઈચ્છા અને માર્ગ

( સંગ્રહીત )

૧ દૃઢ ઇચ્છાથી માર્ગ અવશ્ય મળવાનો.

૨ કાં તો હું માર્ગ શોધી કાઢીશ અને કાં તો તેને બતાવીશ.

૩ દૃઢ ઇચ્છા કરી શકનારને માટે કોઇપણ કાર્ય અશક્ય નથી.

૪ એક મજબૂત અંતઃકરણની દૃઢ ઇચ્છા હજારો માણસોને થરથર ધ્રુજાવી મૂકે છે. એક સુકલકડી ઠીંગુજી પોતાની દૃઢ ઇચ્છાથી સઘળી બાજી ફેરવી નાંખે છે ( ને ધાર્યું કામ કરી શકે છે. )

૫ જે માણસો એમ ધારે છે કે અમે અમુક કાર્ય કરવાને શક્તિમાન છીએ તેઓ જ તે કાર્ય કરી શકે છે. ચારિત્રબળ એ સંપૂર્ણ વિકાસ પામેલી ઇચ્છા જ છે.

૬ ઇચ્છાશક્તિનો વિકાસ કરવો એ આપણા જીવનનો ઉદ્દેશ છે. દૃઢ ઇચ્છા અને નિશ્ચય ધરાવનાર માણસને માટે આ જગતમાં સમય અને તક છે છે ને છે જ.

૭ અડગ નિશ્ચય અને સત્યમાર્ગનું અવલંબન એ જગતને હલાવી ( આકર્ષી ) નાખનાર શક્તિઓ છે.

૮ ઝળકતી કારકીર્દિવાળા Promising તરૂણના શબ્દકોષમાં નિષ્ફળતા જેવો કોઇ શબ્દ જ હોતો નથી.

૯ નિરંતર આગળ ધસવાની ટેવ અને શ્રદ્ધા એ સઘળી મુશ્કેલીઓને હંફાવી નાંખે છે.

૧૦ જ્યારે એક દૃઢ નિશ્ચયવાન માણસ જાહેરમાં આવે છે ત્યારે તેની આસપાસની જગા કેવી સાફ થાય છે અને તેને માટે કેટલો બધો અવકાશ ને છૂટ રહે છે તે જોઇને આપણને કુતુહળ થાય છે.

૧૧ અજેય ઇચ્છાનો ઉગેલો તારો કેવો ગંભીર નિશ્ચયી અને નિશ્ચળ છે ?

૧૨ ગમે તેવા દુઃખદાયક સંયોગો પણ દૃઢ ઇચ્છાને સદાકાળને માટે દબાવી રાખી શકશે નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ નિશ્ચયવાન માણસને જગત હમેશાં રસ્તો કરી જ આપે છે. દેખીતી અશકયતામાં પણ ઇચ્છાશકિત માર્ગ કરી લે છે.

૧૪ માણસોમાં બુદ્ધિનો કે શકિતનો અભાવ નથી, પરંતુ ઉદ્દેશ અને પરિશ્રમ કરવાની ઇચ્છાનો જ અભાવ ( જણાય ) છે.

૧૫ દૃઢ નિશ્ચય એ જ સાચામાં સાચું ડહાપણ છે. ઇતિશમ્.

## "યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા" ( સંગ્રહીત )

૧ વિકાસ પામતા રહો અથવા ક્ષીણ થતા ચાલો એ કુદરતનો મુદ્રાલેખ છે, અને એ સૃષ્ટિની પ્રત્યેક વસ્તુપર લખેલો છે.

૨ આપણું શાશ્વત [ ચિરસ્થાયી ] તારૂણ્ય આપણા મનમાં જ રહેલું છે; બીજે નહિ.

૩ માણસનું મન સંમતિ આપે નહી ત્યાં સુધી તેનો ચહેરો ઘરડો થઇ શકતો નથી. કેમકે શરીર એ મનનો દોરેલો નકશો છે.

૪ પ્રતિકૂળ સંયોગોવચ્ચે મનમાં ચિન્તા પેદા થવાથી શરીર ઉપર તેની વધારે ખરાબ અસર થવા પામે છે.

૫ ગમે તેવા સંયોગોમાં મન ઉપર ખરાબ અસર થવા ન પામે એવું મન સહજ ટેવાઇ-કેળવાઇ ગયું હોય તો શરીર-સ્વસ્થતા ટકી રહે છે-બગડતી નથી.

૬ તમે માત્ર પચાશ વર્ષના થયા હો તે સમયે પૂર્ણ નિરોગી કાયાવાળા બની રહો તો તમે તરૂણાવસ્થામાં હોવા જોઇએ.

૭ ધોળા વાળ, કરચલીઓ ઇત્યાદિક ઘડપણના ચિન્હોને આ યુવાવસ્થા સાથે કશો સંબંધ નથી. બુદ્ધિ, શકિત, સૌંદર્ય અને સદ્ગુણોની વૃદ્ધિ તથા દૃઢતા થવી એ જ મોટી ઉમરનાં ચિન્હો હોવાં [ લેખાવાં ] જોઇએ. નિર્બળતા, નિરૂપયોગિતા અને વળિયાંપળિયાં એના લક્ષણ હોવા જોઇએ નહીં.

૮ ઘડપણના વિચાર કરવાની ટેવ પાડવી જેટલી સહેલી છે તેટલી જ તારૂણ્યનો વિચાર કરવાની આદત પાડવી સહેલી છે.

૯ કર્તવ્ય-કર્મ કરવાનો પૂરો ઉત્સાહ બની રહે એ ખરૂં તારૂણ્ય છે.

**બેકન શું કહે છે ?**

" થોડાક [ તત્ત્વજ્ઞાનનાં આધ્યાત્મિક ] ગ્રંથો તો રોમેરોમ વ્યાપી ચારિત્રમાં ઉતરે ત્યાંસુધી પ્રયત્ન, કાળજી ને મનનપૂર્વક વાંચ્યા કરવા જેવા હોય છે. વાંચન મનુષ્યને સંપૂર્ણ બનાવે છે. લેખન તેને ચોક્કસ બનાવે છે. કવિતા તેને રસિક બનાવે છે. તત્વજ્ઞાન ઉંડી બુદ્ધિવાળો બનાવે છે. વાતચીત તેને તૈયાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવે છે. ઇતિહાસ તેને ડાહ્યો બનાવે છે. નીતિશાસ્ત્ર તેને ગંભીર બનાવે છે. ન્યાય અને અલંકારશાસ્ત્ર વાદવિવાદ-શક્તિ આપે છે. ”

## વિચારોમાં રહેલી અદ્ભૂત શક્તિ.

૧ કોઇપણ મનુષ્યનું મન ખરાબ વિચારોથી અને કુટેવોથી એટલું બધું મલીન કે વિષમય બની ગયું નથી ( દુરાચારમાં એટલું બધું ડુબી ગયું નથી હોતું ) કે તે ઉચ્ચ વિચારોથી પાછું શુદ્ધ ન થઇ શકે.

૨ ઉત્સાહ, હિમ્મત, આશા અને આનંદ એ એવાં સાધનો છે કે જે બિમારને સાજાં કરવામાં દવા કરતાં વિશેષ મદદ કરે છે. સુજ્ઞ વૈદ્યો વિગેરેને તેનો અનુભવ ને પરિચય હોય છે.

૩ જમતી વખતે અને ઉંઘતા પૂર્વે આનંદી રહેવાનો અભ્યાસ પાડવો એ દરેકનું બહુ જરૂરી કર્તવ્ય છે; કારણકે એથી શરીર અને મનના આરોગ્ય સ્વસ્થતાને ઘણો જ લાભ થાય છે.

## રંકતા અને શ્રીમંતાઇ.

૧ રંકતાનો વિચાર જેટલો ખરાબ છે એટલી રંકતા પોતે નથી.

૨ જે દિવ્યતા આપણા ઉદ્દેશોને ઘડે છે, તે આપણાંમાં જ રહેલી છે.

૩ ઉદાર આત્મા આપીને શ્રીમંત થશે અને કંજુસ સંઘરીને રંક થશે. ( આત્મનિરીક્ષણથી તે સાફ દેખાય એવી હકીકત છે. )

૪ મહત્ત્વાકાંક્ષા [ઉચ્ચ આદર્શ અને ઉન્નત હેતુ] માંથી શક્તિ જન્મે છે.

૫ તમારો આદર્શ, એ અંતે તમે કેવા થશો તેની આગાહી આપે છે

૬ ઇશ્વરને ઉપાસનારને નવીન બળ મળશે. ઉન્નતિના આકાશમાં તે ગરૂડની પેઠે ઉડશે, તે દોડશે પણ થાકશે નહીં, તે બોજો ઉપાડશે પણ બેશુદ્ધ થશે નહીં.

૭ ઘણા લોકો હાસ્યરસપ્રધાન અને પ્રોત્સાહક ગ્રંથ વાંચીને ઉદાસીને હાંકી કાઢે છે. કેટલાક બુદ્ધિમાનો સ્તોત્રો, કહેવતો તથા મહાત્માઓનાં વચનામૃત વાંચીને ઘણો લાભ મેળવે છે.

## રાષ્ટ્રીય ધોરણ પર સુશિક્ષિતોદ્વારા શિક્ષણ મળવાની જરૂર.

મનુષ્યો અને પ્રજાઓ હાલના શાળા શિક્ષણ અને સુધારા ઉપર શ્રદ્ધા રાખે છે, પણ તેથી કોઇપણ પ્રજાનો બચાવ અને ઉન્નતિ થઇ શકે નહીં. ખરૂં જોતાં તો કળા અને મોજશોખની સાથે તો અધોગતિ આજે સેંકડો વર્ષથી ભાઇબંધી બાંધી બેઠી છે. નાણાની કોથળી ભારે અને આત્મા હલકો. ઘર જબરૂં અને ચારિત્ર્ય હલકું એના કરતાં વધારે દયાજનક શું હોઇ શકે? ઇતિશમ્.

સદ્ગુણાનુરાગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

અનુવાદક—વિઠ્ઠલદાસ મૂ. શાહ

( ગતાંક પૃષ્ઠ ૨૩૮ થી શરૂ )

સજાતીય વસ્તુઓમાં આકર્ષણ હોય છે. વિચારસામ્રાજ્યમાં સમાન વિચારના મનુષ્યો પરસ્પર આકર્ષિત થાય છે. આ વિશ્વવ્યાપી નિયમ તરફ આપણે ધ્યાન આપીએ કે ન આપીએ તો પણ તે નિરંતર પોતાનું કામ કરી રહેલ છે. મતલબ એ છે કે આપણે એક વિચારસમુદ્રમાં રહીએ છીએ અને આપણી ચારે તરફનું વાતાવરણ નિરંતર એ વિચારશકિતઓથી ભરેલું રહે છે, જે સર્વદા વિચાર–તરંગના રૂપમાં બહાર નીકળે છે. આપણને તેનું જ્ઞાન હોય કે ન હોય તો પણ એ વિચારશકિઓનો થોડો અથવા ઘણો આપણી ઉપર પ્રભાવ પડે છે.

ધ્યાનાવસ્થામાં જે આનંદનો અનુભવ પામશો તે આનંદ પાંચ પ્રકારનો હોય છે. અલ્પ આનંદ, ક્ષણિક આનંદ, ઉમદા આનંદ, પ્રવાહિત આનંદ, અને વ્યાપક આનંદ. અલ્પ આનંદથી કેવળ રોમાંચ થાય છે. ક્ષણિક આનંદ વિજળીના ચમકારા જેવો હોય છે. જેમ સમુદ્રનાં મોજાં કિનારા સાથે આવી આવીને અથડાયા કરે છે તેવી રીતે તે આનંદ શરીરપર શીઘ્રતાપૂર્વક આવીને અથડાયા કરે છે. પ્રવાહિત આનંદ બલવાન હોય છે અને તે શરીરને ઉઠાવીને અંતરિક્ષમાં પ્રવાહિત કરવા લાગે છે. જ્યારે વ્યાપક આનંદ આવે છે ત્યારે તે સંપૂર્ણ શરીરને ખૂબ ભરી દે છે અને હવાથી ભરેલાં ગોળાની માફક ફુલી જાય છે.

સાધારણ રીતે આપણે જેને સુષુપ્તિ કહીએ છીએ તે એક એવી દશા છે કે જેના સ્વપ્નની સ્મૃતિ તમને નથી રહેતી, અથવા મૃત્યુવત્ પૂર્ણ અચેતનાવસ્થા હોય છે કે જેમાં આપણને મત્યુનો એક પ્રકારનો અનુભવ થાય છે. પણ એક એવી પણ નિદ્રા સંભવિત છે કે જેમાં આપણા જીવનમાં સંપૂર્ણ મૌનતા, સ્થિરતા તથા શાંતિ આવી જાય છે અને આપણી ચેતના સત, ચિત આનંદમાં લીન બની જાય છે. આપણે એને નિદ્રા નથી કહી શકતા, કેમકે તે આત્યંતિક ચેતના હોય છે. એ અવસ્થામાં આપણે અમુક જ ક્ષણ રહી શકીએ છીએ પરંતુ એ અમુક ક્ષણોમાં આપણને કલાકોની નિદ્રાની અપેક્ષાએ ઘણો જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે વિશ્રામ અને શાંતિ પ્રાપ્ત થાય છે. એ અવસ્થા અકસ્માત પ્રાપ્ત નથી થતી, તેને માટે દીર્ઘકાળના અભ્યાસની આવશ્યકતા છે.

સંબંધના કારણે જ મનુષ્ય આકર્ષિત થાય છે. માનસિક તથા હૃદય-જગતના સંબંધથી જ મનુષ્ય સ્વપ્નમાં એવા લોકોની સાથે મળે છે અને એવાને જ જાણે છે કે જેની સાથે પાછળથી બાહ્ય જગતમાં મળે છે અને જેને જાણતો હોય છે. લોકોમાં મળ્યાં પહેલાં જ મનુષ્ય ઘણું કરીને મન અને હૃદયમાં મળી લે છે, ત્યાં જ ભેટ કરે છે, વાતો કરે છે અને લોકોમાં થઈ શકે તેટલો બધો સંબંધ કરે છે. કેટલાક લોકોને એ સંબંધનું જ્ઞાન હોય છે અને ઘણાને નથી હોતું. કેટલાક લોકો આંતરિક જીવન અને આંતરિક વ્યવહારનું જ્ઞાન નથી રાખતા, તો પણ તે એવા હોય છે કે બાહ્ય જગતમાં જ્યારે તેઓ કોઇ નવા માણસને મળે છે ત્યારે તેને માલુમ પડે છે કે તે માણસ તેનો બહુ પરિચિત છે.

જે વાતો તમને સ્હેલાઈથી પરાજીત કરી દેતી હતી તે હવે તમને બાધા નથી કરતી, જે અવસરોને પ્રાપ્ત કરીને તમે સ્હેજે ઉત્તેજીત થઇ જતા હતા તે હવે તમને કશું નથી કરી શકતા. તમારામાં શકિત, સહનશીલતા, સંયમશીલતા તથા વિઘ્નોના નિરાકરણની શકિત આવી ગઈ છે. બીજા લોકોનો એકાદ શબ્દ તમને જે વ્યથા કરતો તે હવે તમારૂં કશું બગાડી શકતો નથી. તે એટલે સુધી કે જ્યારે કોઇ કારણવશાત્ તમે ઉત્તેજીત થઇ જાઓ છો અને તમારા ચ્હેરા ઉપર રોષનું ચિન્હ જણાવા લાગે છે ત્યારે પણ વિચારોને એકદમ સમેટી લેવાનું બળ ધરાવો છો. આથી સ્પષ્ટ થાય છે કે તમે માનસિક શકિત તથા ઈચ્છા પ્રાપ્ત કરી છે. ધ્યાનથી જ આવું લાભદાયક પરિણામ થાય છે એ સર્વ તમારી આધ્યાત્મિક ઉન્નતિના લક્ષણ છે.

આ સાપેક્ષિત જગતમાં કોઇ વસ્તુ એવી નથી કે જેને આપણે તદ્દન સારી જ કહીએ તેમજ કોઇ વસ્તુ એવી પણ નથી કે જેને આપણે તદ્દન ખરાબ જ કહીએ. સારૂં કે ખરાબ મનની સૃષ્ટિ છે. પ્રત્યેક મનુષ્ય પોતાના દૃષ્ટિકોણથી સારો છે. પ્રત્યેક બાબતમાં થોડોઘણો પક્ષપાત હોય છે. પ્રત્યેક મનુષ્યનાં જીવનમાં દ્રષ્ટિકોણ જ નિર્ણાયક સામગ્રી છે. જ્યારે જ્ઞાનવડે બુદ્ધિનો પ્રકાશ થાય છે ત્યારે દૃષ્ટિકોણ વિસ્તૃત અને પૂર્ણ બની જાય છે. જ્યારે અજ્ઞાનવડે બુદ્ધિ ઉપર અંધકારનો પડદો પડી જાય છે ત્યારે દૃષ્ટિકોણ સંકુચિત, મર્યાદિત અને પક્ષપાતપૂર્ણ થઇ જાય છે. વિસ્તૃત દૃષ્ટિ હૃદયની ઉદારતાનું લક્ષણ છે. વિસ્તૃત દૃષ્ટિનો પુરૂષ સંદેહ, પક્ષપાત, દુરાગ્રહ તથા અનેક જાતના દોષોથી મુક્ત થઈ જાય છે. વિસ્તૃત દૃષ્ટિ દેશાન્તર ભ્રમણથી, સારા કુળમાં જન્મ લેવાથી, વિસ્તૃત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યયનથી, સત્સંગથી, જનસેવાથી, વિભિન્ન અનુભવથી તથા ધ્યાનથી પ્રાપ્ત થાય છે. વિસ્તૃત દૃષ્ટિવાળો પુરૂષ વસ્તુઓને પૂરેપૂરી તેના ખરા સ્વરૂપમાં જુએ છે. વિસ્તૃત દૃષ્ટિ સમતા તથા સામંજસ્ય ઉત્પન્ન કરે છે; સંકુચિત દૃષ્ટિ અસમતા તથા અસામંજસ્ય ઉત્પન્ન કરે છે.

ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં જે ઉમંગ હોય છે તે જ આનંદ છે. પ્રાપ્ત વસ્તુના આસ્વાદનથી પરમાનંદ થાય છે. જ્યાં આનંદ છે ત્યાં જ પરમાનંદ છે; પરંતુ જ્યાં પરમાનંદ છે ત્યાં આનંદ હોવાની આવશ્યકતા નથી. આનંદ થાકેલા માંદા મુસાફર જેવો છે કે જે જળ તથા છાયા દેખે છે અને તેનો પત્તો મેળવે છે. પરમાનંદ જળની પ્રાપ્તિ અથવા છાયામાં પ્રવેશની જેવો છે.

ઇન્દ્રિયાભિલાષા, કુચેષ્ટા, આલસ્ય, ક્ષુબ્ધતા તથા કિંકર્તવ્યવિમૂઢતા એ પાંચ ધ્યાનમાં બાધક થાય છે તેને દૂર કરવા જોઇએ. એ દૂર ન થાય ત્યાંસુધી ધ્યાન નહિં થઇ શકે. જે મન ઇન્દ્રિયાભિલાષાદ્વારા જૂદા જૂદા પ્રકારની વિષય-કામના કરે છે તે એક વિષય પર એકાગ્ર નથી થઇ શકતું; જે મન કોઇએક વિષયમાં કુચેષ્ટાનો શિકાર બની રહે છે તે શીઘ્ર ઉન્નતિ નથી કરી શકતું; જે મન આલસ્ય તથા તન્દ્રાને વશ હોય છે તે અકર્મણ્ય બની રહે છે; ક્ષુબ્ધતાને વશ થયેલું મન સ્થિર નથી થતું, અહિંતહિં દોડ્યા કરે છે. કિંકર્તવ્યવિમૂઢતાથી વ્યથિત બનેલો મનુષ્ય સમાધિ અને ધ્યાનની પ્રાપ્તિના માર્ગે આગળ નથી વધી શકતો.

મન અનાદિકાળથી બહિર્મુખવૃત્તિના ઘાતક અભ્યાસોમાં પડેલું છે. ભગવાનના પવિત્ર નામના નિરંતર જપથી માનસિક શુદ્ધિ થાય છે તથા મનની વૃત્તિને અંતર્મુખ થવામાં સહાયતા મળે છે.

મનનો નિરોધ કરવો કઠિન છે. માણસ સાધુ સંન્યાસી થઇ શકે છે, આચાર્ય થઇ શકે છે; છતાં સ્વપ્નમાં મનના આચાર અને ગતિપર તેણે ધ્યાન આપવું જોઇએ. સ્વપ્નમાં મન ચોરી કરે છે, વ્યભિચાર કરે છે, ભોગવાસના, તૃષ્ણા તથા તુચ્છ કામનાઓ મનની અંદર ખૂબ જડ ઘાલીને પડી છે. વિચાર, પરમાત્મ-ભાવના, ૐના ચિંતનથી મન અને તેના સંસ્કારોનો નાશ કરો. જે મનુષ્ય માનસિક બ્રહ્મચર્યમાં નિષ્ઠિત થઇ ગયો હોય છે તેને કદિ સ્વપ્નમાં પણ ખરાબ વિચાર નથી આવી શકતા. તેને ખરાબ સ્વપ્ન જ નથી આવી શકતું. સ્વપ્નમાં વિવેક તથા વિચાર નથી હોતા. તેનું એ જ કારણ કે જાગ્રતદશામાં વિવેક અને વિચારશક્તિદ્વારા શુદ્ધ થવા છતાં પણ ખરાબ સ્વપ્ન આવ્યા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૌતિક શરીર નષ્ટ થઇ શકે છે પરંતુ વિચાર, કર્મો અને ભોગોના સંસ્કાર તથા ચિંતન મૃત્યુ પછી પણ માણસનો પીછો છોડતા નથી. જ્યાં સુધી મુક્તિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ ઉપાધિઓ પરિવર્તનશીલ છે, જે મૃત્યુ બાદ પણ માણસની સાથે જ જાય છે; કેમકે માણસ પોતાના મૃત્યુની સાથે દરેક વખત વિભિન્ન સંસ્કારો લઇ જાય છે, વિભિન્ન જન્મોમાં માણસ વિભિન્ન પ્રકારના સંસ્કારોની સૃષ્ટિ રચે છે. મૃત્યુ પછી માણસની સાથે જનાર સ્થાયી ઉપાધિયો આ છે.–પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, અંતઃકરણ–ચતુષ્ટય તથા લિંગ શરીરનું આધારભૂત કારણ શરીર. સંસ્કારો તથા કારણ શરીર નષ્ટ થતાં જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એનાથી જ આત્મ–જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્યાંસુધી આત્મ–જ્ઞાનની પ્રાપ્તિદ્વારા બધા સંસ્કારો દગ્ધ નથી થતા ત્યાંસુધી વારંવાર જન્મ લેવો પડે છે. જ્યારે સંસ્કાર નષ્ટ થાય છે ત્યારે તેના સ્થાનમાં આત્મ–જ્ઞાનનો સ્વયમેવ પ્રકાશ ઝળહળી રહે છે.

મન હમેશાં કાંઇ ને કાંઇ કરવા ઇચ્છે છે અને જ્યારે ઇચ્છિત વિષયને પ્રાપ્ત કરી લે છે ત્યારે તે પ્રસન્ન અને સુખી થઇ રહે છે. બહિર્મુખ વૃત્તિના સુખની ઇચ્છારૂપી ઘાતક અભ્યાસમાં બાળપણથી જ પડેલા મનને રસ્તે લાવવું ઘણું જ કઠિન છે. જ્યાંસુધી તેની સામે કોઇ વધારે સુખપ્રદ વસ્તુ તથા આનંદનું મોટું રૂપ નથી રાખવામાં આવતું ત્યાં સુધી તે એમ કર્યા કરવાનો દુરાગ્રહ કરે છે.

પ્રત્યાહાર મનને કોઇ દેશ વિશેષમાં લગાડે છે, ધારણા તેને ત્યાં જ લગાડી રાખે છે. એ બન્ને પ્રકારના ચિંતનોથી સંપૂર્ણ સ્થિર થયા પછી મન વિકાસ પામે છે ત્યારે ધ્યાન ( આનંદ ) ની પ્રાપ્તિ થાય છે. એ રીતે પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ પ્રાપ્ત થયા પછી ચિત્તનિરોધદ્વારા મનુષ્ય યોગયુક્ત થાય છે.

જેવી રીતે એક પ્રવીણ ધનુર્ધર એક પક્ષી ઉપર નિશાન લગાડતી વખતે પોતાના ગતિવિધિ, ધનુષ્ય પકડવાની રીત તથા બાણ ચઢાવવાની રીત જાણે છે અને ભવિષ્યમાં પણ પક્ષીને વીંધવા માટે એ બધી શરતો યાદ રાખે છે તેવી રીતે સાધકને પણ ભવિષ્યમાં એવી શરતોનું ધ્યાન રાખવું પડે છે કે અમુક પ્રકારનો આહાર, અમુક પ્રકારના પુરૂષોનો સંગ, અમુક નિવાસસ્થાન, અમુક પરિસ્થિતિ તથા અમુક સમયે મેં ધ્યાન તથા સમાધિ પ્રાપ્ત કર્યા હતા.

જેવી રીતે એક ચતુર રસોઇયો પોતાના શેઠને ભોજન પીરસતી વખતે એવા પ્રકારની ભોજનસામગ્રી તૈયાર રાખે છે કે જે શેઠને રૂચિકર હોય છે તથા લાભકારક હોય છે તેવી જ રીતે સાધક પુરૂષ પણ ધ્યાન અને સમાધિ પ્રાપ્ત થવાના સમયની પોષક શરતો યાદ રાખે છે અને તેની પૂર્ણતાથી વારંવાર આનંદિત થાય છે.

આપણામાં ઘણાં મનુષ્યો એવા હોય છે કે જેઓનું શારીરિક બંધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિક નાજુક હોય છે. એવા લોકો ઉપર તેઓ જે સંસ્થાઓ તથા મનુષ્યોના સંબંધમાં આવે છે તેઓની માનસિક અવસ્થાનો ન્યૂનાધિક પ્રભાવ અવશ્ય પડે છે.

મનમાં સંદેહ પણ હોય છે અને વાસ્તવિકતા પણ હોય છે. મનમાં સંદેહ થાય છે કે ઇશ્વર છે કે નહિ? આને સંશય-ભાવના કહે છે. બીજો સંદેહ એ થાય છે. કે હું ઇશ્વરને પ્રાપ્ત કરી શકીશ કે નહી? ત્યાં બીજો અવાજ ઉઠે છે-'ઇશ્વર સત્ય છે, હસ્તામલકવત છે. તે પ્રજ્ઞાનઘન, ચિદ્‌ઘન અને આનંદઘન છે. હું તેને પ્રાપ્ત કરી શકું એમ છું' આપણે કેટલીક વાતો સ્પષ્ટપણે સમજી લીધી છે અને એ ભાવનાઓ હવે સુદૃઢ તથા સ્થિર થઇ ગઇ છે. કેટલીક ભાવનાઓ હજી સ્થિર નથી થઇ. તે આવે છે ને ચાલી જાય છે. જ્યાંસુધી ભાવનાઓ સુદૃઢ અને બદ્ધમૂળ ન થઇ જાય ત્યાંસુધી તેને હૃદયમાં રાખવી પડે છે. ભાવનાઓની શુદ્ધતાથી મનની ભ્રાંતિ તથા ચંચળતા દૂર થઇ જાય છે.

મનમાં નિશ્ચય કરી લ્યો કે 'હું આત્માવરોધ કરીશ તથા બધા ઉચ્ચ વિષયો, ઉચ્ચ પ્રભાવોને ગ્રહણ કરવા માટે મારી જાતને ખુલ્લી રાખીશ' વારંવાર જ્ઞાનરૂપે આ પ્રકારની માનસિક દશા ગ્રહણ કરવાથી એ તરતજ એક પ્રકારની ટેવ થઇ જશે. જીવનના હલકા પ્રભાવ લુપ્ત થઇ જશે અને બધા ઉચ્ચ પ્રભાવ આમંત્રિત થશે, અને જે અંશમાં તેને આમંત્રિત કરવામાં આવશે તે અંશમાં તે પ્રવેશ કરશે.

જ્યારે સંદેહ ઉત્પન્ન થાય ત્યારે આ પ્રકારના સુપ્રેરિત વિચાર તથા દૃઢતાદ્વારા તેને દૂર હઠાવી દેવો જોઇએ. જેમકે 'એ જ સત્ય છે, એમાં હું સફળતા મેળવીશ એમાં સંદેહની વાત જ નથી. મારા શબ્દકોશમાં 'અશકય, અસંભવિત, કઠિન' એવા શબ્દો જ નથી. આ દુનિયામાં સઘળું સંભવિત છે. આપણે કોઇપણ કામ કરવાનો દૃઢતાપૂર્વક વિચાર કરી લઇએ છીએ તો પછી કોઇપણ મુશ્કેલી નથી આવતી. દૃઢ નિશ્ચય, દૃઢ સંકલ્પથી પ્રત્યેક કાર્યમાં આશાતીત સફલતા પ્રાપ્ત થાય છે.

ભગવાનના સંપર્કમાં આવવું એ જ આધ્યાત્મિક અનુભવ કહેવાય છે. એ અનુભવ બધા દેશોમાં, બધા મનુષ્યોમાં તથા બધા યુગમાં એક જ રહે છે. જો માણસ ભગવાનને મળવા ચાહે છે તો તે હંમેશાં એક જ પ્રકારે તેને મળી શકે છે. અનુભવ અને તેના વર્ણનમાં ઘણે ભાગે વ્યવધાન થવાના કારણે તેમાં વિભિન્નતા આવે છે. માણસ સીધો આધ્યાત્મિક અનુભવ પ્રાપ્ત કરી શકે છે, જે હંમેશાં અંતઃકરણમાં જ ઉપલબ્ધ થાય છે. તેને બાહ્યરૂપે પ્રકટ કરીને તે પોતાના શિક્ષણ, વિશ્વાસ તથા માનસિક બંધારણ અનુસાર વર્ણન કરે છે. સત્વ તત્વ તો એક જ છે, પરંતુ તેને વ્યકત કરવાની રીત જૂદી જૂદી હોય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્તાના એ મીઠા ઝેર.

લેખક. નાગરદાસ મગનલાલ દોશી. બી. એ.

હરેક મનુષ્યની અંદર છુપી રીતે પણ સત્તા મેળવવાની ઇચ્છા રહેલી હોય છે. ફેર માત્ર અંશનો છે. કેટલાકમાં તે ઇચ્છા પ્રબળ હોય છે ત્યારે કેટલાકે તેની ઉપર થોડોઘણો વિજય મેળવેલો હોય છે. આપણે આપણા આખા જીવનના કાર્યોનું બારીક નિરીક્ષણ કરીએ તો આપણને માલુમ પડશે કે આપણા ઘણા કાર્યો ઉદરપોષણ તથા જીવનમાં સત્તા મેળવવા માટે જ હોય છે. વિદ્યાભ્યાસ પુરો કર્યા પછી તરતજ આપણે દ્રવ્યોપાર્જનના કામમાં રોકાએલા રહીએ છીએ. જો ધનમાત્ર ઉદરપોષણને માટે જ હોત તો જરૂર દ્રવ્યોપાર્જનને છેડો કે અંત હોત; પણ વસ્તુસ્થિતિ તેમ નથી. આજે ધનૈષણાને છેડો નથી. આજે માણસ લાખો કરોડો કમાય તોયે તેને સંતોષ નથી, અને આખી જીંદગી સુધી રળે તોયે તેને તેટલો વખત ધન મેળવવા માટે જાણે કે પુરતો લાગતો નથી. આ શું બતાવે છે? આથી એ વસ્તુ સ્પષ્ટ થાય છે કે ધનમાત્ર ઉદરપોષણ અર્થે જ નથી પણ તે બીજું કામ કરે છે અને તે કામ તેનાથી આવતી સત્તા છે. આજે સેંકડો ધનિકો પોતાના ધનના બળે લોકોના નેતા બને છે, અને તેમને દોરવાની સત્તા હાથમાં હોવાનો સંતોષ અનુભવે છે. પ્રજાસત્તાક રાજ્યનું પ્રમુખપદ કે રાજસત્તાક રાજ્યનું દિવાનપણું, ધારાસભાના સભાસદ કે નાતશેઠ સમા બધા સત્તાના સંતાનો થોડા અથવા વત્તા અંશે ધનથી જ હયાતી ભોગવે છે; માટે જ ધન મેળવવાની તૃપ્તિ થતી નથી. આનો સાદો અને સરળ ઉપાય સામ્યવાદીઓ આપણને બતાવે છે. તેઓ કહે છે કે દ્રવ્ય એ ભોગવવાની વસ્તુ છે, તેનાથી બીલકુલ સત્તા ન જ મળવી જોઇએ; પણ આપણે અહીં વિષયાંતર કરીએ છીએ. મારો ઉદ્દેશ એમ સાબીત કરવાનો છે કે આપણે જે આજીવન ધન મેળવવાના પ્રયાસો કરીએ છીએ તે આડકત્રી રીતે પણ સત્તાને માટે જ હોય છે. આમ આપણે અજાણ્યા પણ સત્તાને માટે મથીએ છીએ. જે સત્તાને માટે આપણે આપણા જીવનમાં સુખ સગવડતાને ત્યજીને મંડ્યા રહીએ છીએ તેનાથી કેવા પરિણામ નિપજે છે તેનો ઘડીભર વિચાર કરીએ તો આપણને જરૂર દુઃખ થશે. દુનિયાએ સત્તાનો સરિયામ દુરૂપયોગ જોયો છે અને વર્ષોના અનુભવ પછી કોઇ વચનસિદ્ધ મહાત્માની જેમ તે ઉચ્ચારે છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્તા તો અંધ છે. જગતની અંદર સત્તાએ જેટલો અને જેવો ડાટ વાળ્યો છે તેટલો બીજી કોઇ વસ્તુએ ભાગ્યે જ વાળ્યો હશે. સારા ભવિષ્યની આશા આપતા કેટલાક લોકપ્રિય રાજકુમારો જ્યારે સત્તાને વરે છે ત્યારે તેઓ માટે રખાતી સારી આશાને સદાને માટે નષ્ટ કરે છે; એટલુંજ નહીં પણ કોઇક ચાલાક જાદુગર પોતાની કલાથી એક વસ્તુને તદ્દન બદલી નાખે છે તેમ સત્તા તેઓને તદ્દન *બદલી નાખે છે. તેઓના આચાર અને વિચારની અંદર એટલું બધું પરિવર્તન થાય* છે કે તેઓના શરીર સિવાય તેઓને ઓળખવા પણ મુશ્કેલ થઇ પડે છે. આમ જગતના ઇતિહાસની અંદર દશમાંથી આઠ દાખલાઓ સત્તાના દુરૂપયોગના બન્યા છે, છતાં એમ કોઇ ન માને કે સત્તા પોતે જ બુરી વસ્તુ છે. સત્તાનો સદુપયોગ કે દુરૂપયોગ તેના ધારણ કરનારની પાત્રતા કે કુપાત્રતા ઉપર આધાર રાખે છે. એ આ જ સત્તા છે કે જે વડે કોઇપણ દુષ્ટ અને અત્યાચારી રાજા પોતાની પ્રજાને રંજાડે છે, અથવા તો એક પ્રજા બીજી પ્રજાને જીતીને પોતાની ગુલામીમાં રાખે છે અને માનવજાતને કલંક લગાડે છે. ત્યારે આથી ઉલટું અર્વાચીન તુર્કીના સરજનહાર કમાલપાશા કે ઇટાલીનાં ભાગ્યવિધાતા મુસોલીનીએ આ જ સત્તાએ જગતને આપેલી કિંમતી અને સોહામણી ભેટો છે. આવી રીતે માનવજાતિએ સત્તામાંથી ઉદ્ભવતા લાભોનો અને ગેરલાભોનો અનુભવ કર્યો છે, અને આ અનુભવ પછી તે એક નિર્ણય ઉપર આવી છે કે સત્તાના ધારણ કરનારે વર્ષોના અનુભવે બક્ષેલી આ કિંમતી સલાહ માન્ય રાખવી પડશે. તે જણાવે છે કે સત્તા એ લોકોને પીડવા કે દુભવવા નહી, પણ હજારો અવાફ્ અને નિરાધારની રક્ષા કરવા અને તેઓનું શ્રેય યોજવા માટે જ સરજાએલી છે. જેમ ધનનો સદુપયોગ દાન છે તેમ સત્તાનો સદુપયોગ સેવા છે. તે જ ખરો સત્તાશાળી છે કે જેણે પોતાના દેશની અથવા માનવજાતની સેવા કરીને મનુષ્ય હ્રદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. આથી ઉલટી રીતિએ સત્તા મેળવનાર એ સત્તાશાળી નથી પણ દુનિયામાં જાણે દુઃખો ઓછા હોય તેમ તેને વધારનાર માનવજાતિનો બીનપગારદાર ઇજારદાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો સપરિવાર પ્રવેશ–મહોત્સવ.

આજથી પચીશમા વર્ષે આ શહેરમાં આચાર્યપદવીથી અધિષ્ઠિત થયા બાદ અનેક સ્થળોએ જનસમાજ ઉપર ઉપકાર કરતાં અત્રેના શ્રીસંઘની વિનંતિથી વૈશાક વદિ ૧૩ ને સોમવારે આ શહેરમાં પ્રવેશ કર્યો છે. આચાર્ય મહારાજ ઘણા લાંબા વખતે પધારતા હોવાથી જૈન સમાજમાં અપૂર્વ ઉત્સાહ વધી ગયો હતો જેથી સત્કાર માટે સામૈયાની ગોઠવણ આગલે દિવસ થઇ હતી.

સામૈયામાં રાજ્યનો ડંકોનિશાન, બેન્ડો, ઇંદ્રધ્વજ વિગેરેની યોજના કરેલી હતી, છતાં તેના કરતાં શ્રાવક–શ્રાવિકાનો બહોળો સમુદાય અને દર્શન માટે સર્વનો હર્ષ અતિ હતો. સામૈયું શહેરના મુખ્ય રસ્તે થઇ મારવાડીના વંડાને નામે ઓળખાતા ઉપાશ્રયમાં આવતાં સપરિવાર આચાર્યમહારાજે પ્રવેશ કર્યો ત્યારબાદ માંગલિક ઉપદેશનો અસરકારક લાભ આપ્યો હતો. થોડા વખતમાં આચાર્યમહારાજશ્રીના શિષ્ય આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ મહુવાથી અત્રે પધાર્યા બાદ અઠ્ઠાઇમહોત્સવ અને સ્વામીવાત્સલ્ય વિગેરે ધાર્મિક કાર્યો થવાના છે. હાલ આચાર્યમહારાજશ્રીની વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન વાણીનો લાભ શ્રી સંઘ લે છે.

## આ સભાનો ૩૭ મો વાર્ષિક મહોત્સવ.

સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ જેઠ શુદ ૭ અને પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જેઠ શુદ ૮ ના રોજ સભાએ ઉજવેલ જયંતિ.

આ સભાને સાડત્રીશમું વર્ષ પુરૂં થઇ જેઠ શુદ ૭ ના રોજ આડત્રીશમું વર્ષ બેસતું હોવાથી દર વર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો કરવામાં આવ્યા હતા.

૧ જેઠ શુદ ૭ બુધવારના રોજ આ સભાના મકાન ( આત્માનંદ ભવન ) ને ધ્વજા તોરણ વગેરેથી શણગારી સવારના આઠ વાગે પ્રથમ પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મરામજી ) મહાજની છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું. ત્યારબાદ કલાક પછી નવ વાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ મહારાજકૃત શ્રી પંચતીર્થની પૂજા ભણાવવામાં આવી હતી, તથા બપોરના બાર વાગે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેજ દિવસે સાંજે ક. ૫-૨૫ ની ટ્રેનમાં ( દરવર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજશ્રીની જયંતિ જેઠ શુદ ૮ ગુરૂવારના રોજ ઉજવવાની હોઇ શ્રી સિદ્ધાચળજી ( પાલીતાણા ) સુમારે પચાસ સભાસદ બંધુઓ ગયા હતા.

૨ જેઠ શુદ ૮ ગુરૂવારના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી **આદીશ્વર પ્રભુના મંદિરના ચોકમાં** શ્રી નવાણું પ્રકારી પૂજા બહુજ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી તથા દેવગુરૂની આંગી રચવામાં આવી હતી અને સાંજના ચાર વાગે સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. એ રીતે દેવભક્તિ ) તથા ગુરૂભક્તિ કરવામાં આવી હતી.

## રાજાબહાદુર બાબૂસાહેબ શ્રી વિજયસિંહજી સાહેબ દુધેડીઆનો સ્વર્ગવાસ.

અજીમગંજનિવાસી રાજાબહાદુર વિજયસિંહજી સાહેબ ટુંક વખતમાં બિમારી ભોગવી તા. ૧૯-૫-૩૩ રોજ કલકત્તાખાતે પોતાના નિવાસમાં સ્વર્ગવાસ પામતાં જૈનસમાજમાં અત્યંત દિલગીરી ફેલાઇ છે. બાબુસાહેબે કાઉન્સીલ ઓફ સ્ટેટના સભાસદ અને અજીમગંજ મ્યુનીસીપાલીટીના પ્રમુખ તરીકે જાહેર સેવા બજાવેલી તેટલું જ નહી પરંતુ તેઓશ્રી દેવ, ગુરૂધર્મના પરમ ઉપાસક, હૃદયનિખાલસ અને મિલનસાર સ્વભાવના હતા. સંપત્તિ અને પ્રભુતાનો પૂરતો યોગ છતાં નિરભિમાનતા અને જૈનસમાજના સેવા કાર્યમાં પણ તેઓશ્રીનો સારો ફાળો હતો.

આવા પુણ્યવાન નરરત્નના દેહાવસાનથી જૈનસમાજે ધર્મસેવક ગુમાવ્યો છે કે જેની ખોટ પુરાવી મુશ્કેલ છે.

આ સભા ઉપર તેમનો સંપૂર્ણ પ્રેમ હતો અને સર્વ કાર્યવાહી જાતે જોઇ સં ૧૯૬૪ ની સાલમાં ભાવનગર પધારતાં તેઓ આ સભાના પેટ્રન ( મુરબ્બી ) થયા હતા. આ સભા તેઓશ્રીના નિત્ય સ્મરણમાં હતી જેથી બાબુસાહેબના સ્વર્ગવાસથી આ સભાને આવા શ્રાવકકુલરત્ન પુરૂષની ખરેખરી ખોટ પડી છે, જેથી આ સભા પોતાની સંપૂર્ણ દિલગીરી જાહેર કરે છે અને તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે.

## બદાણી ચત્રભૂજ ધનજીભાઇનું અવસાન.

અવારનવાર લાંબા વખતની માંદગી ભોગવીને તા. ૨૪-૪-૩૩ ના રોજ ભાઇ ચત્રભૂજ પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે સરલ અને માયાળુ હતા, આ સભાના તેઓ કેટલાક વખતથી સભાસદ થયા હતા. તેઓના દેહાવસાનથી આ સભા પોતાનો ખેદ જાહેર કરે છે અને તેઓના આત્માને ચિરશાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજનો પાટણમાં પ્રવેશ.

## પાટણના શ્રી સંઘે કરેલો તેમનો સત્કાર-મહોત્સવ.

જેઠ શુદ સાતમની સવારે પાટણના જૈનોમાં અજબ ચેતન પ્રકટયું, ઉલ્લાસ અને ઉર્મિના પુર ઉછળ્યા. વિશાળ સરઘસના આકારમાં જૈન-જૈનેતરો ગોઠવાઇ ગયા. નિશાનડંકા પાછળ વિવિધ રીતે શણગારેલી ઘોડાગાડીમાં ઘોડા ઉપર અને બાળગાડીમાં નાના બાળકોના સાએલા મોટી સંખ્યામાં રોકાઇ ગયા હતાં. તેની પાછળ બાળાઓનું યુથ, વાનરસેનાની ટુકડી, યુવાનોની ભવ્ય સેના મુંબઇ સ્વયંસેવક મંડળ તરફથી આ પ્રસંગે દોડી આવેલું બેન્ડ, આચાર્ય મહારાજની સાથે શ્રીમાન પ્રવર્તકજી તથા શ્રીમાન હંસવિજયજી મહારાજ તથા મોટો શિષ્ય સમુદાય, હજારો જૈન-જૈનેતરનું સાજન તથા શ્રાવિકાઓથી શોભતું સરઘસ પાટણના બીજા દરવાજા સુધી પહોંચે તેટલું લાંબુ થઇ ગયું હતું. જગ્યાએ જગ્યાએ વાવટાઓ અને સન્માનસૂચક સૂત્રોથી બજારો શોભી રહ્યાં હતાં આચાર્યશ્રી પોતાના શિષ્ય પરિવાર સાથે માનવગગનમાં સૂર્યમંડળ માફક શોભી રહ્યાં હતા. મુંબઇથી આવેલ શેઠ મોહનલાલ મોતીચંદ, શેઠ દોલતચંદજી અમીચંદજી, તથા શેઠ કેશવલાલ ભાણાભાઇ વગેરે ગૃહસ્થોના અપૂર્વ ઉત્સાહથી સામૈયામાં અનોખી ભાત પડી હતી. દોશીવટ બજારમાં બાબુ દોલતચંદજી અમીચંદજીએ સાચા રત્નોથી વધાવ્યા હતા.

**શ્રી સંઘનો સત્કાર:**—લગભગ ત્રણ કલાકથી નીકળેલું સરઘસ પંચાસરા પાર્શ્વનાથના દર્શન કરીને સાગરના ઉપાશ્રયે આવ્યું. આચાર્યશ્રી પધારતાં સહસ્ત્ર કંઠે જયધ્વની ગાજવા લાગ્યા. ઘણા ભાગ્યશાળી માનવોના નયનોમાંથી હર્ષના આંસુઓ વહેવા લાગ્યા એક સત્કાર ગીત પછી ભાઇ ફુલચંદ હરીચંદ દોશીએ શ્રી સંઘ તરફથી એક સત્કાર પત્ર વાંચી સંભળાવ્યું, તેમાં શાસનના શિરોમણિનો હાર્દિક સત્કાર કર્યો હતો. મહામાન્ય ગુરૂવર્ય શ્રીમદ આત્મારામજી મહારાજના પુનીત પગલે ચાલી તેમના અધુરા રહેલા કાર્ય કરવા કટિબદ્ધ જોઇને શ્રી સંઘે આનંદ બતાવ્યો હતો. શિક્ષણના પ્રચાર માટે જગ્યાએ જગ્યાએ સંસ્થાઓ માટેની પ્રેરણા સમાજના ઉત્કર્ષમાં ઉમેરો કરે છે, તે ભૂલી શકાય તેમ નથી. જ્યાં તેમના પવિત્ર પગલાં થાય છે ત્યાં શાંતિના સાગર ઉછળે છે. ગંભીર સુકાની સમાજની ડોલી રહેલી નૌકાને બચાવવા અને ગુજરાતની ભૂમિપર એક ભારત જૈન સેવાસંઘ, જૈન ગુરૂકુળ તથા કન્યાગુરૂકુળની સ્થાપના કરવા વિનંતિ કરી હતી. ભાઇશ્રી મોહનલાલ ચુનીલાલ ધામીએ આચાર્યશ્રીના સત્કારનું પોતે રચેલું ગીત ગાયું હતું.

આચાર્યશ્રીએ માંગલિક કરી અમોલ દેશનાથી જનતાને વશ કરી લીધી હતી. આત્મ-કલ્યાણની મહદ્દભાવના પાસે આજની શોધખોળો અને તેનાથી વધતી જતી ઉપાધીઓ આત્માને સાચી શાંતિ બક્ષનાર નથી. સમય આવ્યે ધર્મના ઉત્થાન અને ઉત્કર્ષની સાધના માટે કાલિકાચાર્ય જેવા મહાન આચાર્યની જેમ કટિબદ્ધ થવામાં ખરૂં પુરૂષાતન રહેલું છે. કુબુદ્ધિ અને સુબુદ્ધિ એ બેના રંગ જગતમાં ચાલી રહ્યા છે; સજ્જનો સુબુદ્ધિના સંગ કરે તે જ ઇષ્ટ ગણાય-ખોટી જાહોજલાલી અને ધનના ઢગલા ખાતર આત્માને ભૂલી જવાય તો જીવનનો અર્થ જ નથી વગેરે હૃદયસ્પર્શી ઉપદેશથી પ્રવચન પુરૂં થયા પછી લોકો વિસર્જન થયા.

( મળેલું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યુગવીર શ્રી આત્મારામજીસૂરીશ્વરની જયંતિ

જેઠ શુદિ ૮ ને દિવસે સવારે આઠવાગે શ્રી પોળીયા ઉપાશ્રયમાં ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજ્યાનંદસુરીશ્વરજીની જયંતિ ઉજવવામાં આવતાં આચાર્ય શ્રી વિજયવલ્લભસુરીશ્વરજી, શ્રી પ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજ, શાંતમુર્તિ શ્રી હંસવિજયજી, પં. શ્રી ઉમંગવિજયજી મહારાજ તથા બહોળો શિષ્ય સમુદાય, શ્રી મુળચંદ આશારામ વૈરાટી, વકીલ ઉમેદચંદભાઇ, ફોટોગ્રાફર મગનલાલભાઇ તથા અન્ય ગૃહસ્થો અને બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

પ્રારંભમાં મુંબઇ સ્વયંસેવક બેન્ડે મધુરગીત બજાવ્યું. ભાઇ શ્રી મોહનલાલ ધામીએ ગુરૂદેવશ્રી આત્મારામજીસુરીશ્વરજીનું પોતે બનાવેલું કાવ્ય ગાયું અને કેશવલાલ ભોજકે સ્તુતિ કરી.

ત્યારબાદ ભાઇશ્રી હીરાલાલ મણીયારે; ધર્મના આચાર્યોને સંબોધીને જણાવ્યું કે આજે દેશ દેશમાં ક્રાન્તિની લેહેર ફેલાઇ રહી છે. ધર્માચાર્યોએ સંગઠ્ઠનપુર્વક સમાજ અને ધર્મના ઉત્થાનમાં ફાળો આપવો જોઇએ. આત્મારામજી 'મહારાજે એક યુગવીર તરીકે ધર્મનો ધ્વજ દેશ વિદેશમાં ફરકાવ્યો તેમ આપણે કયારે ફરકાવશું ? બાદ ભાઇ શ્રી કેશવલાલ મંગળચંદે જયંતિ ઉજવવાનો ઉદ્દેશ સમજાવી સૂરિજીના જીવનને અંગે જણાવ્યું કે આચાર્યશ્રી સત્યના પુજારી હતા. સત્યને માટે એમણે જે જે સહન કર્યું તે આજે કોઇ સહન કરવા તૈયાર જણાતા નથી જ. વીરપુરુષના જીવનમાંથી આપણે પ્રેરણા મેળવવી જ જોઇએ.

ત્યારબાદ રા મુલચંદભાઇ આશારામ વૈરાટીએ જણાવ્યું કે જૈન ધર્મની ઉદારતા ભારી છે. જૈનધર્મ માને છે કે વેશને નહિં પણ ચારિત્રને પુજો. અમુક સાધુને માથું ન નમાવશો એમ જૈન ધર્મ કહેતો નથી સમાજ ઉત્થાન સિવાય ધર્મની જાગૃતિ અસંભવનીય છે. બાદ વકીલ વેલચંદ ભાઇએ જણાવ્યું કે છેલ્લા ૧૦૦ વર્ષમાં આવા કોઇ મહાપુરુષ આપણને મળ્યા નથી. તેમના વિચારો બહુ ઉત્તમ પ્રકારના અને ઉદાર હતા. સમાજની આજની સ્થિતિ વિચારો. જૈન ધર્મના બાળકો યુવકો આજે કેવા નિર્બળ જણા છે. આટલી નિર્બળતા હોવા છતાં મને નવાઇ લાગે છે કે અખાડાઓમાં જૈનો કેમ રસ લેતા નથી ? આજના યુગમાં જૈનોએ જીવવું હોય તો શારીરિક શકિત ખાસઆવશ્યક છે.

ભાઇશ્રી ફુલચંદ હરીચંદ દોશીએ આચાર્યશ્રીનું જીવન ટુંકમાં બતાવતાં જણાવ્યું કે એ વીર પુરૂષની શતાબ્દિ ચાર વર્ષ પછી આવે છે. ભારતના જૈનો એ મહાપુરૂષને અંજલી આપવા કંઇક નવીન કરશો કે ? ચાર વર્ષમાં ભારત જૈન સેવાસંઘ-જૈન ગુરૂકુલ કન્યા ગુરૂગુલ અને મુનિ સંમેલન કરીને આપણે સમાજ અને ધર્મમાં નવચેતન રેડી શકીએ તો કેવું સારૂં ? એક બીજા વીરચંદ રાઘવજીને જૈન સમાજ ૪૦ વર્ષમાં પણ નહિં ઉત્પન્ન કરી શકે ?

બાદ પંન્યાસજી ઉમંગવિજયજીયે ગુરૂસ્તુતિ કર્યા પછી ગુરૂમહારાજે કેવી કેવી મુશ્કેલીમાં ધર્મઝંડો ફરકાવ્યો હતો તે વિષે વિવેચન કર્યું હતું.

બાદ પં. ન્યાયવિજયજીએ જણાવ્યું કે આજના વેરઝેરના વાતાવરણને ઠારીને શાંતિ કરવી એ જ એક મહાપુરૂષની જ્યંતિની સાર્થકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ચરણવિજયજી મહારાજશ્રી તથા મુનિશ્રી કર્પૂરવિજયજીએ ગુરૂરાજના ગુણગાન કરી જૈન સમાજને માટે તે મહાપુરૂષને કેટલી ધગશ હતી તે જણાવ્યું હતું. ત્યારબાદ છેવટે આચાર્ય વિજયવલ્લભસૂરિજીએ જણાવ્યું કે ઉપદેશ પાટપર બેસી દેવાય તે માન્યતા ભૂલભરેલી છે. કોઇ સાંભળનાર હોય તો ઘેર બેઠે પણ સંભળાવવાનો પણ અમારો ધર્મ છે. ભગવાન મહાવીરે પણ ખુલ્લા મેદાનમાં–સમોસરણમાં ઉપદેશ આપ્યો હતો. જે મહાપુરૂષની આજે જયંતિ છે તેમના આત્માની સરલતા, સત્યતા, ઉદારતા પ્રસિદ્ધ છે. બસો વર્ષમાં આચાર્યપદવી ન હતી તે મહાપુરૂષ તેને ખેંચી લાવ્યા. તે વખતે અંધશ્રદ્ધા કેટલી હતી? આજે શું દશા છે? સંઘ એક મહાન શક્તિ છે. વ્યક્તિગત સભા નભી શકતી નથી. સમષ્ટિને કરી શકે તે કરોડપતી કે શ્રીમંત સયાજી મહારાજ પણ ન કરી શકે. આચાર્ય મહારાજે વીરચંદભાઇને વિલાયત મોકલ્યા તેમાં તેમના વિચારોની ઉદારતા જણાઇ આવે છે, એટલુંજ નહી પણ તે વખતનું સંઘનું સંગઠ્ઠન અને આચાર્યશ્રી તથા સંઘના ઉચ્ચ વ્યવહારનું દ્રષ્ટાંત મળે છે. હજી પણ અમદાવાદનો સંઘ ધારે તે કરી શકે તેમ છે. મુનિ સંમેલન પણ અશક્ય નથી. અમારી પુંઠે કેટલી લુંટ ચલાવી છે તે દેખાઇ આવે છે. હવે જાગવું જોઇએ, ધર્મની જાગૃતી માટે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવો જરૂરી છે. ત્યારબાદ બેન્ડે સલામી આપી હતી. પછી મેળાવડો વિસર્જન થયો હતો.

બપોરના શ્રી પંચાસરના દહેરાસરમાં મોટી પુજા ભણાવવામાં આવી હતી અને હજારો સ્ત્રી–પુરૂષોનું સાંજે સરઘસ કાઢવામાં આવ્યું હતું. રાત્રે રાત્રીજગો પણ પંચાસરામાં થયો હતો.

## આ સભામાં નવા થયેલા લાઇફ મેમ્બરો.

| | |
|---|---|
| ૧ શાહ નગીનદાસ ઓતમચંદ ભાવનગર. | ૨ શાહ પરમાણંદદાસ વેલચંદ ભાવનગર |
| ૩ શાહ પ્રેમચંદ ભાણજીભાઇ ,, | ૪ શાહ મનસુખલાલ ગુલાબચંદ ,, |
| ૫ શાહ ચંદુલાલ ગુલાબચંદ ,, | ૬ ગાંધી ગીરધરલાલ આણંદજી ,, |

# જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહકોને–

અમારાં વાર્ષિક ગ્રાહકોને દર વરસે રૂા. ૩) માં એક હજાર ઉપરાંત પાનાનાં ઐતિહાસિક નવીન પુસ્તકો નિયમિતપણે સં. ૧૯૭૯ થી સં. ૧૯૮૮ સુધી અપાયાં છે. દરેક વખતે માગશરથી મહામાસ સુધીમાં મોકલવામાં આવતાં હતાં, જે હવેથી અષાડી પછી એટલે અષાડ વદીમાં મોકલવાનું થશે.

ચાલુ સાલમાં નીચેના પુસ્તકો ગ્રાહકોને મળશે જે છપાઇને વૈશાખ માસમાં તયાર થશે. ગ્રાહક પુરતી નકલ છપાતી હોવાથી તેમજ ચાલુ સાલનાં પુસ્તકો ઘણાં જ રસિક અને નવીન હોવાથી શીલીકમાં રહેવા સંભવ નથી. માટે નવા ગ્રાહક થનારે દાખલ ફીના રૂા. ૦-૮-૦ વેળાસર મોકલવા—

૧ અમર બલિદાન યાને શત્રુંજયના શહિદો. ૨ શ્રી મહાવીર અને શ્રેણિક.
૩ જાવડશાહ. ૪ તરંગવતી તરંગલોલા.

ચારે પુસ્તકો લગભગ ૧૧૦૦ પાનાનાં પાકા પુંઠાનાં છુટક કિંમત રૂા. ૫) ની કિંમતનાં થશે જે ગ્રાહકોને રૂા. ૩) માં મળે છે. પોસ્ટ વી. પી. ખર્ચ અલગ. કોઇપણ જાતના દરેક સંસ્થાના પુસ્તકો અમારે ત્યાંથી કીફાયત ભાવેમળશે.

લખો:—જૈન સસ્તી વાંચનમાળા,—પાલીતાણા–( કાઠીયાવાડ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

હર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૯. જયેષ્ઠ. આત્મ સં. ૩૮. અંક ૧૧ મો.

## ઉપવાસ—એનો અર્થ અને પ્રભાવ.

"અલબત્ત, એ વાત ખરી છે કે આજે જેમ આપણી ઘણી ખરી વિધિઓમાંથી અર્થ ઉડી ગયો છે, માત્ર આકાર જ રહેવા પામ્યો છે તેમ ઉપવાસ જેવી તપશ્ચર્યામાંથી પણ ઘણો અર્થ ઉડી ગયો છે. આત્મશુદ્ધિ અથવા ઇંદ્રિયનિગ્રહ એ સર્વ પ્રકારના વ્રત તથા તપશ્ચર્યાનો મુખ્ય હેતુ હોય છે. એટલે જ ઉપવાસનો અર્થ કરતાં આહાર ત્યાગથી પણ વિશેષ ભાર આત્મનિરીક્ષણ ઉપર મૂકાયેલો આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. ઉપ અર્થાત સમીપ અને વાસ એટલે વસવું: આ બન્નેને સાથે ઘટાવતાં આત્મની સમિપે વસવું, અને આત્મશુદ્ધિ કેળવવી એ ઉપવાસનો મુખ્ય આશય, અર્થ અથવા પ્રભાવ છે."

"જૈન" તા. ૨૧-૫-૧૯૩૩

For Private And Personal Use Only